आપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૪૯ | ૨ માર્ચ, ૨૦૧૪, રવિવાર; ફાગણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


સ્નેહના તારે દિલડા ગુંથાય, અને જુદાઇ મટીને એકરૂપ થવાય એનું નામ 'લગ્ન'

- *ચંદ્રકાન્ત બક્ષી*

## NEWS બિટ્સ

**● મોદી-કેજરીવાલ-રાહુલ સર્ચ ટ્રેન્ડમાં સૌથી મોખરે**

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ગુજરાતના



મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, આમ આદમી પાર્ટીના સ્થાપક અરવિંદ કેજરીવાલ અને કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી ઈન્ટરનેટ પર સૌથી વધુ સર્ચ થયેલા રાજકારણીઓ તરીકે ઉભર્યા છે. ગુગલે જણાવ્યુ છે કે જાન્યુઆરીથી અત્યાર સુધી આ ત્રણેય નેતાઓ સર્ચ ટ્રેન્ડમાં સૌથી આગળ છે.

**● 'શુધ્ધિ'માં દિપિકા-રણવીરસિંહને લેવાયા નથી**

જાણીતા ફિલ્મમેકર કરણ જોહર તેની આગામી ફિલ્મ 'શુધ્ધિ' માટે દિપિકા અને રણવીરને સાઈન કર્યા હોવાની વાત નકારી કાઢી હતી.



આ ફિલ્મમાં પહેલા હ્યુતિક રોશન અને કરીના કપુર મુખ્ય ભૂમિકામાં હતા. પરંતુ થોડા સમય બાદ બંને જણાએ ફિલ્મ છોડી દીધી હતી. કરણ જોહરે કહ્યુ હતુ કે ૨૦૧૫માં તેની ફિલ્મને રીલિઝ કરી દેવાશે પરંતુ હજુ કલાકારો નક્કી નથી કરાયા.

# ગાંધીનગર જિલ્લાને ૨૦૧૫ સુધીમાં નિર્મળ બનાવાશે

## જિલ્લાના વર્ષ ૨૦૧૪-૧૫ના વિવિધ વિકાસ કામો માટે રૂપિયા ૬૨૫ લાખની સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ

ગાંધીનગર, તા. ૧

૨૦૧૫ના અંત સુધીમાં ગાંધીનગર જિલ્લો નિર્ણળ જિલ્લો બને તે રીતે આયોજનો અને યોજનાઓના અમલીકરણ માટે આજે રાજ્યના નાણાંમંત્રીશ્રી નિતીન પટેલે જિલ્લાના અધિકારીઓને જણાવ્યું હતું.

તેમણે કહ્યુ કે સ્વચ્છ અને સ્વસ્થ રાજ્યના નિર્માણ માટે સરકાર કટિબદ્ધ છે ત્યારે આયોજન મંડળની ભૂમિકા પણ મહત્વની છે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે વિકાસના સાચા ફળ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે સી.સી. રોડના કામો માટે ૨૦ ટકા સુધીની જ રકમ ફાળવીએ અને સર્વાંગી વિકાસના કામો પર વિશેષ ભાર મુકવામાં આવે તે જરૂરી છે.

ગાંધીનગર જિલ્લો એ રાજ્યના અન્ય જિલ્લાઓ કરતાં વિશેષ મહત્વ ધરાવે છે ત્યારે જિલ્લામાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનની નબળી કામગીરી સાંખી શકાય નહિ. આજે તેમણે ગાંધીનગર જિલ્લામાં આયોજન મંડળના વિકાસ કામોની સમીક્ષા કરી અને ૨૦૧૪-૧૫ના આયોજનને સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

● *અનુસંધાન પાન-૫ પર*























